INDIAN NATIONAL CONGRESS

# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

---

અખબારી યાદી                                                  તા. ૨૭-૦૭-૨૦૨૨

- **22.05 કરોડ અરજીઓ સામે માત્ર 7.22 લાખને નોકરી: દેશના બેરોજગાર યુવાનો પાસેથી પરીક્ષા ફોર્મ ફી પેટે ૫ હજાર કરોડ થી વધુ વસુલાયા.**

કેન્દ્ર સરકાર દ્વારા આઠ વર્ષમાં વિવિધ સરકારી નોકરીઓ માટે ૨૨.૦૫ કરોડ અરજી કરતા પાસેથી પરીક્ષા ફોર્મ ફી પેટે ૫ હજાર કરોડ થી વધુની રકમ વસુલવામાં આવી સામે માત્ર ૭,૨૨,૩૧૧ ને જ નોકરી ઉપલબ્ધ થઈ ત્યારે દેશમાં બેરોજગાર યુવાનો પાસેથી કરોડો રૂપિયાની વસુલાત કરતી ભાજપા સરકારની નીતિ અને નિયત પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ જણાવ્યું હતું કે, ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીની જાહેર સભામાં અને ભાજપાના ચૂંટણી ઢંઢેરામાં પણ દર વર્ષે બે કરોડ રોજગાર સર્જન - નોકરીનું વચન મુજબ આઠ વર્ષમાં ૧૬ કરોડ રોજગાર મળવા જોઈએ જેનાથી ઉલટુ આઠ કરોડ થી વધુ લોકોના રોજગાર-નોકરીઓ છીનવાઈ ગઈ હોવાનું ભારત સરકારની વિવિધ સંસ્થા સી.એમ.આઈ.ઈ. તથા લેબરફોર્સના આંકડા જણાવી રહ્યાં છે. કેન્દ્ર સરકાર દ્વારા વિવિધ પ્રકારની સરકારી ભરતી અંગે જે લોકસભામાં વિગતો સામે આવી છે તે ઘણી જ ચિંતાજનક છે. કેન્દ્ર સરકારના જાહેર સાહસોમાં મોટા ભાગની ભરતી બંધ કરી દેવામાં આવી છે. અનેક જાહેર એકમો જેવા કે, એરપોર્ટ, બંદર, વિજ એકમો સહિત ખાનગીકરણ કરવામાં આવે છે અથવા તો ખાનગી ઉદ્યોગગૃહોને સોંપી દેવામાં આવતા સરકારી નોકરીઓની તકો દેશના યુવાનોના હાથમાંથી છીનવાઈ રહી છે.

દેશમાં બેરોજગારી સામે કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવેલી ભરતી અંગેના એક સવાલના જવાબમાં લોકસભામાં કેન્દ્ર સરકારે આંકડા આપ્યા છે જેમાં બેરોજગારી અંગે બિહામણું ચિત્ર સામે આવી રહ્યું છે. વર્ષ ૨૦૧૪-૧૫થી ૨૦૨૧-૨૨ના આઠ નાણાકીય વર્ષમાં કેન્દ્ર સરકારે બહાર પાડેલી વિવિધ જગ્યાઓની ભરતી માટે સરકારને કુલ ૨૨.૦૫ કરોડ અરજીઓ એટલે કે દેશની વસતીના છઠ્ઠા ભાગના લોકોએ અરજી કરી હોવાનું સરકારે જણાવ્યું હતું અને તેની સામે આ આઠ વર્ષમાં સરકારે કુલ ૭.૨૨ લાખ લોકોને નોકરી આપી છે. આ આંકડા દર્શાવે છે કે નોકરીની સામે અરજદારની સંખ્યા ત્રણસોથી ચારસો ગણી છે!

ગુજરાતમાં વિવિધ સરકારી ભરતીઓમાં મોટા પાયે ભ્રષ્ટાચાર, ગેરરીતિ, પેપરલીંક જેવી ઘટનાઓ વારંવાર બની રહી છે સરકારી વિભાગની ભરતી જાહેર થાય, તુરત જ દસ લાખ થી પચ્ચીસ લાખનો ભાવ ટેન્ડરની જેમ એજન્ટો ફરતા થાય છે, પંચાયત પસંદગી મંડળ હોય કે ગૌણ સેવા પસંદગી મંડળ કે પછી ગુજરાત જાહેર સેવા આયોગની અનેક ગેરરીતિ, ભ્રષ્ટાચાર, પેપર ફૂટવાની, મેરીટની ગોલમાલ અનેક વખત સામે આવી છે, ભરતી, ભ્રષ્ટાચાર અને ભાજપ સાથે ચાલી રહ્યું છે જેનો ભોગ ગુજરાતના ગરીબ - સામાન્ય - મધ્યમવર્ગના યુવાનો વારંવાર બની રહ્યાં છે.

| વર્ષ | કુલ અરજી | મળેલી નોકરી | નોકરી સામે અરજીનું પ્રમાણ |
|---|---|---|---|
| ૨૦૧૪-૧૫ | ૨,૩૨,૨૨,૦૮૩ | ૧,૩૦,૪૨૩ | ૧૭૮ ગણું |
| ૨૦૧૫-૧૬ | ૨,૯૫,૫૧,૮૪૪ | ૧,૧૧,૮૦૭ | ૨૬૪ ગણું |
| ૨૦૧૬-૧૭ | ૨,૨૮,૯૯,૬૧૨ | ૧,૦૧,૩૩૩ | ૨૨૬ ગણું |
| ૨૦૧૭-૧૮ | ૩,૯૬,૭૬,૮૭૮ | ૭૬,૧૪૭ | ૫૨૧ ગણું |
| ૨૦૧૮-૧૯ | ૫,૦૯,૩૬,૪૭૯ | ૩૮,૧૦૦ | ૧૩૩૬ ગણું |
| ૨૦૧૯-૨૦ | ૧,૭૮,૩૯,૭૫૨ | ૧,૪૭,૦૯૬ | ૧૨૧ ગણું |
| ૨૦૨૦-૨૧ | ૧,૮૦,૦૧,૪૬૯ | ૭૮,૫૫૫ | ૨૨૯ ગણું |
| ૨૦૨૧-૨૨ | ૧,૮૬,૭૧,૧૨૧ | ૩૮,૮૫૦ | ૪૮૦ ગણું |
| **કુલ** | **૨૨,૦૫,૯૯,૨૩૮** | **૭,૨૨,૩૧૧** | **૩૦૫ ગણું** |

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા